ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Department of Science & Technology
Government of Gujarat

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ
અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.

Date : 21th November, 2020

પ્રતિ,
તંત્રી શ્રી,
.............................................................................,
ભાવનગર.

## રાષ્ટ્રીય કક્ષાની રૂરલ આઈ.ટી ક્વીઝમાં દેશના લાખો વિદ્યાર્થીઓમાં ભાવનગર જીલ્લાની એમ.જે. સી.કે.આર. હાઇસ્કુલ, સોનગઢનો વિદ્યાર્થી પારસ ગઠાણીએ તૃતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો.

ભારત દેશના ગ્રામ્ય વિસ્તારના બાળકોમાં રહેલ ઇન્ફોર્મેશન અને ટેક્નોલોજી વિષયના જ્ઞાનને બહાર લાવવાના હેતુથી ટાટા કન્સલ્ટન્સી સર્વિસ અને વિજ્ઞાન વિભાગ કર્નાટકા સરકારના સંયુક્ત ઉપક્રમે વિવિધ સ્તરોએ આઈ.ટી. ક્વીઝનું આયોજન દેશભરમાં કરવામાં આવે છે. ગુજરાતમાં રાજ્ય કક્ષાનું સંકલન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) દ્વારા કરવામાં આવે છે. ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે. ભાવનગર જીલ્લા કક્ષાની આઈ.ટી. ક્વીઝનું આયોજન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર કરવામાં આવે છે.

હાલ કોરોના સમયે જિલ્લા કક્ષાની અને રાજ્ય કક્ષાની રૂરલ આઈ.ટી ક્વીઝનું આયોજન ઓનલાઈન માધ્યમથી ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા આયોજન થયેલ. જેમાં ભાવનગર જીલ્લામાંથી ૧૪ વિદ્યાર્થીઓએ રાજ્ય કક્ષાની રૂરલ આઈ.ટી ક્વીઝમાં ભાગ લીધો હતો. જે પૈકી રાષ્ટ્રીય કક્ષાની રૂરલ આઈ.ટી ક્વીઝ માટે સમગ્ર ગુજરાતમાંથી ટોપ ૬ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવેલ. જેમાં એમ.જે. સી.કે.આર. હાઇસ્કુલ, સોનગઢનો વિદ્યાર્થી પારસ ગઠાણી શાળાના શિક્ષક શ્રી અવિનાશભાઈ દવેના માર્ગદર્શન નીચે સમગ્ર ગુજરાતમાં ટોપ -૬ માં પ્રથમ સ્થાન મેળવેલ. તા. ૨૦ નવેમ્બર, ૨૦૨૦ ના રોજ યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની રૂરલ આઈ.ટી ક્વીઝમાં ગુજરાતમાંથી રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર એક માત્ર વિદ્યાર્થીએ સમગ્ર ભારતના વિદ્યાર્થીઓમાં તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરીને ગુજરાત રાજ્યનું ગૌરવ વધાર્યું છે. ભૂતકાળમાં પણ ભાવેણાના વિદ્યાર્થીઓએ રાજ્ય કક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ ભાવનગરની કારકિર્દી ઝળહળતી રાખી હતી. ૨૦૧૪, ૨૦૧૫, ૨૦૧૬ અને ૨૦૧૭માં ભાવનગરના વિદ્યાર્થીઓએ સતત ૪ વર્ષ સુધી રાજ્ય કક્ષાએ અને ૨૦૧૪ તથા ૨૦૧૭ માં રાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ દેખાવ કરીને પ્રથમ વિજેતા સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

પારસ ગઠાણી અને તેમના માર્ગદર્શક શિક્ષકો અને માતા-પિતાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન ડો. ભાવેશ ભરાડ અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગરના ટ્રસ્ટીઓ દ્વારા શુભેચ્છાઓ પાઠવામાં આવેલ.

૨૧-૧૧-૨૦૨૦
12 PM

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.